# શહેરમાં ગરમીનો ઉગ્ર મિજાજ

ગાંધીનગર તા ૧૪

શહેરમાં બે દિવસ પુર્વે સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે ઠંડક પ્રસરી હતી. જયારે આજે ફરી ગરમીનો પારો ઉંચકાતા નગરજનો આકરી ગરમીમાં અકળાયા હતા. મોસમ ફરી એકવાર ઉગ્ર બનતી જાય છે. ગરમીનો પારો બે દિવસ પુર્વે નીચે ગગડયા બાદ આજે ફરી ૪૦ ડી ગ્રીને પાર થઈ ગયો હતો. અગાઉ વાતાવરણ પલ્ટા બાદ ગરમીનો પારો નીચે ઉતરતા નગરજનોએ ઠંડક

**મહત્તમ તાપમાન ફરી ઉંચકાયુ પારો ૪૧ ડિગ્રી : વાતાવરણ પલ્ટા બાદ ગરમીનો ફરી આક્રમક મિજાજ શહેરમાં રજાના માહોલ વચ્ચે સુનકાર**

ગરમીનો પારો ગઈકાલની સાપેક્ષમાં એક ડી ગ્રી વધી ૪૧ ડી ગ્રીએ પહોંચી ગયો હતો. બપોરના સમયે શહેરીજનોએ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે રજાના દિવસે ગરમીની અસર વચ્ચે નગરનુ જનજીવન પ્રભાવિત જોવા મળ્યુ હતુ. દિવસ દરમિયાન નગરના શોપિંગ બજારોમાં સુનકાર જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં ગરમીની અનુભવી હતી. જયારે વરસાદી ઝાપટાની સાથે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. જો કે વાદળિયા વાતાવરણના અંતે હવે ગરમીનો મિજાજ ફરી આક્રમક બન્યો છે. ગઈકાલની સાપેક્ષમાં આજે મહત્તમ તાપમાન એક ડી ગ્રીના વધારા સાથે ૪૧ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૧ ડી ગ્રીના વધારા સાથે ૨૬ ડી ગ્રી નોંધાયુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં એક ડી ગ્રીનો વધારો ઝોવા મળ્યો હતો. શહેરમાં ગરમીના લીધે જનજીવન પ્રભાવિત જોવા મળે છે. જયારે રજાના દિવસે પણ આકરી ગરમીની અસર વચ્ચે નગરજનો ઘરની બહાર જવાનુ પસંદ કરતા નથી. બીજીતરફ રાત્રિના સમયે શહેરના સર્કલો અને બગીચામાં રોનક જોવા મળે છે.



# શહેરની ફુટપાથ - સેન્ટ્રલ વર્જમાં ગાબડા : જાળવણીના નામે મીંડુ

**કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ કંગાળ હાલતમાં : સેન્ટ્રલ વર્જમાં ઠેર ઠેર ભંગાણ : માર્ગોની જેમ ફુટપાથની દરકાર લેવાતી નથી**

ગાંધીનગર તા ૧૪

શહેરમાં ફુટપાથની જાળવણીનુ કામ વિસરાયુ છે. ફુટપાથ પર જોવા મળતા ગાબડા અને સેન્ટ્રલવર્જમાં પણ કેટલાક ઠેકાણે ભંગાણ જોવા મળે છે. જયારે અગાઉ હાથ ધરાયેલા સર્વેના અંતે પણ બાકી કામગીરી પુર્ણ કરવાનુ આયોજન પણ હજુ સુધી થઈ શક્યુ નથી. શહેરના માર્ગો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયા બાદ ફુટપાથ તેમજ સેન્ટ્રલ વર્જ આકર્ષણ ગુમાવી રહયા હોવાની સાથે કંગાળ ભાસી રહયા છે.

શહેરમાં માર્ગ સુધારણા પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા બાદ નગરના મુખ્ય માર્ગોનુ પણ રીસરફેસીંગ કરવાની કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. જયારે નગરના માર્ગો આસપાસ ફુટપાથના નિર્માણ માટે પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમછતા હજુ બાકી ઠેકાણે નવી ફુટપાથ બનાવવાનુ કામ અટવાયેલુ છે. જયારે આ મામલે તંત્ર દ્વારા અગાઉ સર્વે હાથ ધરાયા બાદ પણ આગળ કામગીરી થઈ શકી નથી. શહેરની ફુટપાથોમાં કેટલાક ઠેકાણે મોટામસ ગાબડ પડયા છે. જયારે સેન્ટ્રલ વર્જમાં પણ ભંગાણ થયેલુ જોવા મળે છે. નગરના માર્ગોની સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ ફુટપાથની જાળવણી માટે કોઈ આયોજન થતુ નથી. જયારે સેકટરોના એપ્રોચ માર્ગને અનુલક્ષી નિર્માણ કરાયેલી ફુટપાથમાં પણ વાહનોની અવરજવર માટે ગાબડા પાડી દેવાયા છે. કેટલાક ઠેકાણે ફુટપાથ પર વાહનો દોડતા વોક વે નીચે બેસી ગયો છે. તંત્ર દ્વારા ફુટપાથના નિર્માણ પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ વોક વે ની જાળવણી માટે સમયાંતરે કામગીરી હાથ ન ધરાતા નગરના વોક વે કંગાળ બનતા જાય છે. જયારે ફુટપાથ પર મોટા ગાબડા અસ્તિત્વમાં આવતા કેટલાક ઠેકાણે તુટેલા જાડના થડિયા પણ વોક વે પર મોર્નિંગ વોક કરનારાઓ માટે અડચણરૂપ બન્યા છે. શહેરના ગ માર્ગ પર આર ટી ઓ કચેરી સામે એક બાજુ ફુટપાથ બનાવાની કામગીરી હજુ પણ અપુર્ણ છે. શેહરની ફુટપાથ સાથે માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ મોટા ગાબડા જોવા મળી રહયા છે. જયારે સેન્ટ્રલ વર્જની મરામત અને કલરકામ માટે ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ બ્યુટીફીકેશનને અનુલક્ષી મોટો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ લાંબા સમયથી સેકટરોને જોડતા માર્ગ વચાળે પણ સેન્ટ્રલ વર્જમાં કેટલાક ઠેકાણે ભંગાણ જોવા મળી રહયુ છે. શહેરમાં ફુટપાથ અને સેન્ટ્રલ વર્જને યોગ્ય કરવા માટે ત્વરિત કામગીરી હાથ ધરાય તેવી પણ માંગણી ઉઠવા પામી છે.

# હવે, અમદાવાદમાં પ્રવીણ તોગડિયા ૧૭મીથી અમરણાંત ઉપવાસ આરંભશે

અમદાવાદ,તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે પડેલા અને મોદીના ઈશારે વિશ્વ હિન્દુ પરિષદમાંથી બહુ ઠંડે કલેજે હટાવી દેવાયેલા પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.પ્રવીણ તોગડિયાએ આજે મીડિયા સમક્ષ જાહેરમાં આવી દેશના કરોડો હિન્દુઓ માટેની એક નવી અને મોટી લડાઈનું એલાન કર્યું હતું. જેમાં ડો.તોગડિયાએ તા.૧૭મી એપ્રિલ મંગળવારથી અમદાવાદમાં અચોક્કસ મુદતના અમરણાંત ઉપવાસ પર ઉતરવાની જાહેરાત કરી હતી. ડો.તોગડિયાએ બહુ સાફ શબ્દોમાં સીધી વાત કરી હતી કે, મોદી સરકાર રામમંદિર બનાવવા, ગૌહત્યા રોકવા અને



કોમન સિવિલ કોડ મુદ્દે સંસદમાં કાનૂન બનાવે અને હિન્દુઓની માંગણી પૂર્ણ કરે. ડો.તોગડિયાએ વડાપ્રધાન મોદીને એક તબક્કે સીધો પડકાર ફેંકયો હતો કે, મોદીએ નક્કી કરવાનું છે કે, તેઓ સંસદમાં

**મોદી અને ભાજપ પર ગંભીર આક્ષેપો : રામમંદિર, ગૌહત્યા રોકવા અને કોમન સિવિલ કોડ મુદ્દે સંસદમાં કાનૂન બનાવવા, હિન્દુની માંગ પૂર્ણ કરવા માંગ**

આ કાયદા બનાવી હિન્દુઓની સાથે રહેવા માંગે છે કે નહી. જો તેઓ સંસદમાં ઉપરોકત મુદ્દે કાનૂન નહી બનાવે તો તેઓ આ કાનૂન સંસદમાં બનાવડાવશે. તેમણે હિન્દુઓ માટેની આ રાષ્ટ્રવ્યાપી લડતમાં જોડાવા દેશના કરોડો હિન્દુઓને આહ્વવાહન કર્યું હતું. તેઓ હવે વિશ્વ હિન્દુ પરિષદમાં નથી અને તેમને વિશ્વ હિન્દુ પરિષદ છોડવા માટે મજબૂર કરવામાં આવ્યાના ગંભીર આક્ષેપો કરતાં ડો.તોગડિયાએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ૩૨ વર્ષોથી દેશના કરોડો હિન્દુઓનો અવાજ બુલંદ કરતા આવ્યા છે. હિન્દુઓની સેવા માટે ૪૦ વર્ષથી તેમણે પોતાનું વ્યકિતગત જીવન અને છેલ્લા ૧૨ વર્ષથી પોતાનું ઘર પણ છોડી દીધુ હતું. કરોડો હિન્દુઓનો અવાજ દબાવવાનો આજે ફરી એકવાર પ્રયાસ થયો અને મને વિશ્વ હિન્દુ પરિષદ છોડવા મજબૂર કરાયો છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શાસક પક્ષ ભાજપ પર કેટલાક ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું

## ગાંધીનગરમાં ૧૮મીએ કલેક્ટર ડીડીઓની બેઠક

ગાંધીનગર, તા. ૧૪

આગામી ૧૮મી એપ્રિલના રોજ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓની મહત્વની બેઠક રાજ્ય સરકારે બોલાવી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને બપોરે ૨.૩૦ વાગે આ બેઠક સચિવાલય ખાતે મળશે. નર્મદા હોલ ખાતે મળનારી આ બેઠકમાં રાજ્યના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચાઓ થશે.

મળતી વિગતો મુજબ જળસંકટ તેમજ આગામી દિવસોમાં સરકાર દ્વારા જળસંચયના અભિયાનની રૂપરેખા આપવામાં આવશે. આ બેઠકમાં રાજ્યની વર્તમાન સ્થિતિ અંગે ચર્ચાઓ થશે. રાજયમાં કલેકટરો-ડીડીઓની કરાયેલ સામુહિક બદલીઓ પછી આ બેઠક મળી રહી હોવાથી તેનુ મહત્વ વિશેષ છે. આ બેઠકમાં તંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવા પર વિશેષ ભાર મુકવામાં આવશે.

# ગાંધીનગરના શંકરસિંહ ગોહિલનો બાર કાઉન્સિલની ચુંટણીમાં વિજય

**વકીલોના હીત માટે તેમજ મૃત્યુ સહાયની રકમ વધારવા સહીતના મુદ્દે રજુઆત કરવામાં આવશે : શંકરસિંહ**

ગાંધીનગર તા ૧૪

ગુજરાત બાર કાઉન્સિલની ચંટણીમાં ગાંધીનગર બાર એસોસિએશનના પુર્વ પ્રમુખ શંકરસિંહ ગોહીલનો ભવ્ય વિજય થયો છે. ગાંધીનગરના એડવોકેટ શંકરસિંહ ગોહીલનો રસપ્રદ ચુંટણીમાં વિજય થતા નગરના વકીલોએ પણ ખુશીની લાગણી વ્યકત કરી હતી. જયારે શંકરસિંહે પણ તેમની જીત બદલ વકીલ મિત્રોનો આભાર વ્યકત કરી



વકીલોની સહાય માટે સદાય તત્પર રહેવાની લાગણી વ્યકત કરી હતી.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચુંટણીમાં ગાંધીનગરના જાણીતા વકીલ શંકરસિંહ ગોહીલનો ભવ્ય વિજય થયો છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના રસપ્રદ ચુંટણી જંગમાં ૯૯ વકીલોએ ઉમેદવારી નોંધાવી હતી. જયારે રાજયના ૨૫૦ જેટલા બાર એસોસિએસનના વકીલો આ

● અનુસંધાન પાન-૭ પર

info City Club & Resort
Summer Camp
HURRY UP!!
Starts 1st May,2018
TENNIS GYM SWIMMING CRICKET
Following are the rates for summer camp - 30 days, starting from 1st May 2018 :-
1. Swimming:- Rs 2000/ + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm
2. GYM :- Rs 1500 + 18% GST
Age : 10 years to 16 years
Evening:- 5:30 pm – 7:00 pm
3. Lawn Tennis:- Rs 1500 + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm
4. Cricket:- Rs 1500 + 18% GST
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm
* Limited Batches
* Flexible Timing
If any parents/guardian would like to continue with the activities after the summer Camp, then they need to buy the membership of the club.
TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES
CALL : +91 99099 06372
Infocity Club & Resort, CH-0 Indroda Circle, S.G. Highway, Gandhinagar - 382 009.
www.infocityclub.net
" SAY NO TO TOBACCO "
* Terms & Conditions Apply

# જમીન વિકાસ નિગમ કાંડમા ભ્રષ્ટાચાર ચેઈનનો પર્દાફાશ

**એસીબીની તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ : ભ્રષ્ટાચારના કેસમાં પકડાયેલા તમામ અધિકારીઓ સામે કાયદા મુજબ પગલા લેવા ગુજરાત સરકારે ખાતરી આપી**

અમદાવાદ, તા.૧૪

ગાંધીનગરમાં આવેલી ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમની કચેરીમાં એસીબીના દરોડાના પગલે રાજયભરમાં મચી ગયેલા ખળભળાટ બાદ એસીબીના અધિકારીઓએ આગળ ધપાવેલા તપાસના દોરમાં કેટલાક ચોંકાવનારા ખુલાસા અને માહિતીઓ પણ સામે આવી છે. જેમાં એવો ચોંકાવનારો ઘટસ્ફોટ સામે આવ્યો છે કે, ગુજરાત રાજયમાં આવેલી જમીન સંપાદનની કચેરીઓના ઓફિસરો સરકારી ગ્રાન્ટના પૈસા મંજૂર કરવા માટે લોકો પાસેથી પૈસા લેતા હતા. આ પૈસા આખી ચેઈન મારફતે મેનેજિંગ ડિરેક્ટર કે.એસ.દેત્રોજા સુધી પહોંચતા હોવાનો પણ ઘટસ્ફોટ તપાસમાં થયો છે. આટલું જ નહીં આ સમગ્ર કૌભાંડ છેલ્લા બે વર્ષથી ચાલતું હતું. બીજીબાજુ, રાજય સરકાર દ્વારા સાફ સંકેત આપી દેવાયા છે કે, ભ્રષ્ટાચારના ચકચારભર્યા કેસમાં સંડોવાયેલા આ તમામ અધિકારીઓ વિરૂધ્ધ કાયદાનુસાર અને ખાતાકીય પગલાં, સસ્પેન્શન સહિતની કાર્યવાહી કરવામાં આવશે.

**એસીબી દરોડામાં કોની પાસેથી શું મળ્યું ?**

- **ડો. કે. એસ. દેત્રોજા - મેનેજિંગ ડાયરેક્ટર**
  ઓફિસ :- રોકડા ૧.૨૯ લાખ અને
  સોનાનું પેન્ડલ - બુટ્ટી કિંમત ૩૦,૫૮૪
  ઘર :- ૨૦ લાખનું રાચરચિલું
- **કે. સી. પરમાર - જોઈન્ટ ડાયરેક્ટર**
  ઓફિસ :- રોકડા ૪૦,૫૨,૫૦૦
  ઘર :- ૧૧.૪૦ લાખનું રાચરચિલુ
- **એસ. વી. શાહ - કંપની સેક્રેટરી**
  ઓફિસ :- રોકડા ૭૦ હજાર
  ઘર :- ૮.૭૫ લાખનું રાચરચિલુ
- **એમ. કે. દેસાઇ - મદદનીશ નિયામક**
  ઓફિસ :- રોકડા ૯ લાખ
  ઘર :- રોકડા ૬૩ લાખ અને ૭.૫૦ લાખનું રાચરચિલુ
- **એસ. એમ. વાઘેલા - ફિલ્ડ સુપરવાઈઝર**
  ઓફિસ - રોકડા ૫ લાખ
  ઘર :- ૮.૭૫ લાખનું રાચરચિલુ

ગાંધીનગરની ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમની કચેરીમાં બે દિવસ પહેલાં એસીબીના અધિકારીઓએ દરોડા પાડયા હતા, જેમાં મેનેજિંગ

● અનુસંધાન પાન-૭ પર

# આગામી ૨જી મે કિસાન કલ્યાણ દિવસ તરીકે ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૪

૨જી મે ના રોજ કિસાન કલ્યાણ દિવસની ઉજવણી કરવામાં આવશે. ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત આ ઉજવણી કરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે કિસાનોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી થાય તેને ચરિતાર્થ કરવા માટે દરેક તાલુકા મથકોએ આ દિવસની ઉજવણી કરવામાં આવશે.

રાજ્યના કૃષિ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ઉજવણીમાં કૃષિની આધુનિક પદ્ધતિઓની જાણકારી આપતા પ્રદર્શનો, વધુ ઉત્પાદન કેવી રીતે મેળવી શકાય તે માટેની પાક-વાવણીની પદ્ધતિ તેમજ કૃષિ વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિમાં આ ઉજવણી કરવામાં આવશે. જેમાં કૃષિ વૈજ્ઞાનિકોની ગોષ્ઠી ખેડૂતો સાથેનું આયોજન પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે.

રાજ્યમાં કૃષિ ઉત્પાદન વધે તેમજ ખેડૂતોને તેમના ઉત્પાદનોનું યોગ્ય મૂલ્ય મળે તે માટેની માર્કેટીંગની પદ્ધતિઓની સમજ પણ આ ઉજવણી દરમ્યાન આપવામાં આવશે. દરેક જિલ્લાઓના તાલુકા મથકો પર આ દિવસની ઉજવણી અંગેની વિગતવાર સૂચનાઓ પણ સરકારના કૃષિમંત્રાલય દ્વારા આપી દેવામાં આવી છે. આવા દિવસની ઉજવણીના આયોજનની વિગતો સાથેનો અહેવાલ પણ સરકારને મોકલવાની સૂચનાઓ આપવામાં આવીહોવાનું જાણવા મળેલ છે.

## રાજ્યમાં ૪ પ્રાદેશિક સાયન્સ સેન્ટર બનાવાશે

ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી વિજય રૂપાણી રવિવારે ૧૫ એપ્રિલે રાજકોટમાં ૧૦ એકર વિસ્તારમાં રૂપિયા ૭૮ કરોડના ખર્ચે નિર્માણ પામનારા રિજિયોનલ સાયન્સ સેન્ટરનો શિલાન્યાસ કરશે. રાજ્યના વિદ્યાર્થીઓને વિશ્વકક્ષાનું સાયન્સ ટેકનોલોજી શિક્ષણ ઘર આંગણે જ જુવો અને શીખોના અભિગમથી પૂરું પાડવા ગુજરાતમાં ૪ રિજિયોનલ સાયન્સ સેન્ટર કુલ ૩૦૭ કરોડના ખર્ચે ભાવનગર, રાજકોટ, પાટણ અને ભુજમાં બનવાના છે. ભાવનગર, પાટણના આવા કેન્દ્રો નિર્માણાધિન છે. ભુજની કામગીરી આવનારા દિવસોમાં હાથ ધરાશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com